પ્રકરણ (૨)

## વિભિન્ન નાટ્યરસો

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયમાં વિભિન્ન નાટ્યરસોની ઉત્પત્તિ, તેમના વર્ણ દેવતા તેમજ દરેક નાટ્યરસના વિભાવ, અનુભાવ, સ્થાયી વ્યભિચારી તથા સાત્વિક ભાવો તથા લક્ષણ અને પ્રત્યેક નાટ્યરસના ઉપભેદો નિરુપ્યા છે તેની ચર્ચા કરતાં પહેલાં ભરતમુનિ તેમજ અન્ય આચાર્યોની દૃષ્ટિએ રસસંખ્યા સંબંધી વિવરણ અપ્રસ્તુત નહીં લેખાય.

રસ સંખ્યા

ભરતમુનિએ માત્ર આઠજ રસો સ્વીકાર્યા છે.

'' શૃંગાર હાસ્યકરુણા રૌદ્રવીર ભયાનકા:
બીભત્સાદ્ભૂતસંજ્ઞૌ ચેત્યષ્ટૌ નાટ્યે રસા: સ્મૃતા ॥ ''
અધ્યાય ૬ શ્લોક ૧૬

'' શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભૂત એમ આઠ રસો નાટ્યમાં મનાયા છે.''

આ સંખ્યાનિર્ધારણ ભરતમુનિએ નથી કર્યું પણ એમની પહેલાના બ્રહ્મા અથવા દૃહિણ નામના કોઇ પ્રાચીન મહાત્માનો નિર્ણય તેમણે આ વિષયમાં સ્વીકાર્યો છે.

(ડો. નગેન્દ્ર - રસસિધ્ધાન્ત)

'' એતે હ્યષ્ટૌ રસા: પ્રોક્તા દૃહિણેન મહાત્મના । ''
અધ્યાય ૬ શ્લોક ૧૭ પૂર્વાર્ધ.

ભરતમુનિના સમયમાં રસોની આ સંખ્યા અત્યંન્ત પ્રાચીન પરંપરાથી ચાલી આવતી હતી. અભિનવગુપ્તે પોતાના મતને અનુકુળ 'નાટ્યશાસ્ત્ર'ના કોઇ અન્ય પાઠને આધારે એ સિધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો કે ભરતમુ-નિએ પણ રસની સંખ્યા નવજ માની છે.'' અને તે

નવ છે. પરંતુ નાટકમાં શાન્ત રસને ન માનવાવાળા તો (બીભત્સાદ્‌ભુતશાન્તાશ્ચ નવ નાટ્યરસા: સ્મૃતા: ને સ્થાને બીભત્સાદભુતસંજ્ઞૌ ચેત્યષ્ટૌ નાટ્યે રસા: સ્મૃતા: આ રુપમાં) અષ્ટૌ એવો પાઠ માને છે. (હિન્દી અભિનવભારતી પૃ.૪૨૯) પરંતુ ડો. નગેન્દ્ર જણાવે છે તેમ અભિનવગુપ્તના આ કથનને પ્રમાણનું સમર્થન મળતું નથી. ભરતમુનિએ ઉપર્યુકત 'રસસંખ્યાના વર્ણન'માં બે વાર તો આઠ રસોનો ઉલ્લેખ કર્યોજ છે. એ પહેલાં પણ સ્થાને સ્થાને આઠ રસોનું સ્પષ્ટ કથન છે. જેમ કે ઉત્પત્તિ વર્ણ અને અધિદૈવતાના વર્ણનમાં અને ભાવોના સંદર્ભમાં. પણ અભિનવગુપ્તે તો આ દરેક વખતે વૈકલ્પિક પાઠોનો સંકેત કર્યો છે પણ વાત બનતી નથી. આથી એ નિશ્ચિત છે કે ભરતમુનિએ રસોની સંખ્યા કેવળ આઠજ માની છે. અને આ માત્ર એમનોજ સિધ્ધાન્ત ન હતો પણ એમની પાછળ પ્રાચીન પરંપરાનો પુષ્ટ આધાર હતો. (ડો. નગેન્દ્ર)

ભરતમુનિ પછી દંડીએ પણ કાવ્યાદર્શમાં માત્ર આઠ રસોનોજ ઉલ્લેખ કર્યો છે. શાન્તસહિત નવ રસનો પ્રથમ ઉલ્લેખ ઉપલબ્ધ ગ્રંથોમાં સૌથી પહેલાં ઉદ્‌ભટના 'કાવ્યાલંકાર સંગ્રહમાંજ મળે છે. વામને રસોની સંખ્યાનો ઉલ્લેખ પણ કર્યો નથી અને બધા રસોનાં નામ પણ આપ્યાં નથી. રુદ્રટે સ્વીકૃત સંખ્યામાં દસમો પ્રેયાન રસ ઉમેર્યો છે. આનન્દવર્ધને નવ રસની ચર્ચા કરી છે. મહિમ ભટ્ટ, અગ્નિપુરાણકાર, મમ્મટ વિગેરે આચાર્યોએ રસને સવિશેષ મહત્વ આપ્યું છે પણ રસની સંખ્યાના સંબંધમાં એમણે કોઇ વિશેષ વાત કરી નથી.

ધનંજયે આઠ અને નવના વિવાદનું સમાધાન કરતાં એ નિર્ણય આપ્યો કે, '' નાટકમાં તો આઠ રસોનીજ સંભાવના છે, કોઇ કોઇ વિદ્વાન 'શમ' સ્થાયીભાવ અને એના પરિપાક શાન્ત રસનો પણ સ્વીકાર કરે છે પણ રુપકોમાં એની પુષ્ટિ નથી.'' આનો અર્થ એ કે કાવ્યમાં ધનંજયને નવ રસ માન્ય છે, પણ એમનો વિવેચનવિષય રુપક છે. આથી એમને માટે શાન્તરસનું વર્ણન અપ્રસંગિક છે. ધનંજયે પ્રેયાન અને ભકિત રસોનું પણ ખંડન કર્યું છે. એમના સમયમાં અથવા એમની પૂર્વે એકાદ વિદ્વાને મૃગયા રસ તથા

અક્ષ (ધૂત) રસોનો ઉલ્લેખ કર્યો હતો પણ તેનો સમાવેશ હર્ષ, ઉત્સાહ, આદિ સ્થાયીભાવોમાં થઇ જાય છે એમ કહી આ બધાનું ધનંજયે નિરાકરણ કર્યું છે.

અભિનવગુપ્તે અત્યન્ત પ્રબળ શબ્દોમાં શાન્તરસની નાટક અને કાવ્ય બન્નેના પ્રતિષ્ઠા કરી છે. એમને આ સંદર્ભમાં નિર્ભ્રાન્ત અને નિશ્ચિતરુપે નિર્ણય આપ્યો છે કે રસ નવજ છે - વધુ પણ નથી - ઓછા પણ નથી. પરંતુ સાથે સાથે એ પણ સ્વીકાર્યું છે કે કેટલાક વિધ્વાનો આ પ્રતિષ્ઠિત નવ રસો ઉપરાંત બીજા રસો પણ માને છે. જેમ કે આર્દ્રતા સ્થાયીભાવવાળો સ્નેહરસ, ગર્ધ સ્થાયીવાળો લૌલ્યરસ અને ભક્તિરસ પરંતુ એમનું અલગ અસ્તિત્વ છેવટે સિધ્ધ થઇ શકતું નથી. રસની સૌથી વધુ સંખ્યા ભોજના સરસ્વતીકંઠાભરણ અને શૃંગારપ્રકાશમાં મળે છે. એમણે પ્રસિધ્ધ નવ રસો ઉપરાંત પ્રેયાન ઉદાત્ત અને ઉધ્ધત્ રસોનું સ્પષ્ટ વર્ણન કર્યું છે. આ ઉપરાંત ભોજે એક બાજુથી સ્વાતંત્ર્ય, આનન્દ, પ્રશમ અને પારવશ્ય તો બીજી બાજુથી સાધ્વસ, વિલાસ, અનુરાગ અને સંગમ રસોનો પણ ઉલ્લેખ કર્યો છે. રુદ્રટ અને એમના ટીકાકાર નમિ સાધુની જેમ તેઓ એમ માનતા હતાં કે બધા ભાવ-સ્થાયી, સંચારી અને સાત્વિક પણ રસત્વને પ્રાપ્ત કરી શકે છે. (

ભોજ પછી હેમચંદ્રાચાર્યે પણ 'કાવ્યાનુશાસન'માં અભિનવગુપ્તનાજ શબ્દોનો લગભગ અનુવાદ કરતાં સ્નેહ, લૌલ્ય અને ભક્તિ એ રસોનો ઉલ્લેખ અને ખંડન કરી કાવ્ય અને નાટકમાં નવ રસ સ્વીકાર્યા છે.

હેમચંદ્રના શિષ્ય રામચંદ્ર-ગુણચંદ્ર નવ રસો ઉપરાંત બીજા રસોનો પણ ઉલ્લેખ કર્યો છે - વ્યસન, દુઃખ અને સુખ. (નાટ્યદર્પણ)

વિશ્વનાથે નવ રસોનો સ્વીકાર કર્યા પછી વત્સલરસને પણ સ્વીકાર્યો છે અને એનું અંગોસહિત વર્ણન પણ કર્યું છે.

રસતરંગિણીકાર ભાનુદત્તે રસના - બે મૌલિક ભેદોની કલ્પના કરી છે. લૌકિક અને અલૌકિક. તેમના મતે લૌકિક રસ, લૌકિક સન્નિકર્ષના માધ્યમ ક ઇન્દ્રિયો અનુસાર 'છ' છે. જ્યારે અલૌકિક રસ, અલૌકિક સન્નિકર્ષ અર્થાત જ્ઞાનના ત્રણ રુપો અનુસાર 'ત્રણ' છે - (૧) સ્વાપ્નિક (૨) માનોરથિક (૩) ઔપનાયિક અથવા કાવ્ય (નાટ્ય)રસ. કાવ્યરસમાં સામાન્યપણે પરંપરાસમ્મત નવ રસનોજ સ્વીકાર કરવા છતાં ભાનુદત્તે વાત્સલ્ય, લૌલ્ય તેમજ ભકિત ઉપરાંત કાર્પણ્ય તથા માયા આ બે નવીન રસોનો ઉલ્લેખ કર્યો છે.

રસસંખ્યા વિષયમાં અંતિમ પ્રયત્ન વૈષ્ણવ આચાર્ય રુપગોસ્વામીએ કર્યો છે. તેમણે ભકિતને પ્રધાન તથા અન્ય શાસ્ત્રીય રસોને ગૌણ જાહેર કર્યા છે. મુખ્યરસ અંતર્ગત તેમણે શાન્ત ભકિતરસ, પ્રીત ભકિતરસ, પ્રેયાન ભકિતરસ, વત્સલ ભકિતરસ અને મધુર ભકિતરસનો સમાવેશ કર્યો છે. જ્યારે ગૌણરસ અંતર્ગત હાસ્ય ભકિતરસ, અદ્ભુત ભકિતરસ, વીર ભકિત રસ, કરુણ ભકિતરસ, રૌદ્ર ભકિતરસ, ભયાનક ભકિતરસ અને બીભત્સ ભકિતરસનો સમાવેશ કર્યો છે.

આ ઉપરાંત કેવળ એક નવીન રસ વ્રીડનક રસનો ઉલ્લેખ જૈનોના અનુયોગ દ્વાર સુત્રને આધારે ડો. રાઘવને કર્યો છે.

હિન્દીમાં હરિઔધ તથા મરાઠીમાં ડો.વાટવે જેવા આચાર્યોએ વાત્સલ્યની પ્રતિષ્ઠા કરી છે. ભકિતની પ્રતિષ્ઠા હિન્દીમાં કનૈયાલાલ પોદ્દાર વગેરેએ તથા મરાઠીમાં યાહેકર તથા વાટવેએ કરી છે. આ ઉપરાંત સાંપ્રત કાવ્ય સાહિત્યના આધારે કેટલાક નવા રસોની કલ્પના પણ કરવામાં આવી છે - જેમાં મુખ્ય છે પ્રકૃતિરસ. (ઉદાત્તરસ) દેશભકિત રસ, ક્રાન્તિરસ, ઉદ્વેગરસ તથા પ્રક્ષોભરસ. આ નવા રસોની કલ્પનાની પ્રેરણા આધુનિક ભારતીય સાહિત્યની વિભિન્ન નવપ્રવૃત્તિઓ દ્વારાજ કરવામાં આવી છે. પાશ્ચાત્ય સાહિત્યના પ્રભાવથી તથા નવજાગૃતિના ફળરુપે ભારતીય સાહિત્યમાં જે નવા આવિર્ભાવોનો ઉદય થયો તેને ડો. નગેન્દ્ર નવા રસોની કલ્પનાનું મૂળભૂત કારણ માને છે. (રસસિધ્ધાન્ત).

નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયમાં રસનું સામાન્ય સ્વરુપ-લક્ષણ નિરુપ્યા પછી ભરતમુનિ રસોના વિશેષ લક્ષણોના અંશરુપે રસોની ઉત્પત્તિ, વર્ણ, દેવતા અને નિદર્શન એટલે દૃષ્ટાંતોનો ઉલ્લેખ કરવાની પીઠિકા કરી, ઉત્પત્તિની વાત પહેલાં કરે છે.

## રસોમાંથી રસોની ઉત્પત્તિ

રસોમાંથી રસોની ઉત્પત્તિની વાત કરતાં ભરતમુનિ કહે છે કે બીજા રસોની ઉત્પત્તિમાં આ ચાર રસો હેતુરુપ છે : શૃંગાર, રૌદ્ર, વીર અને બીભત્સ. એમાં શૃંગારમાંથી હાસ્ય, રૌદ્રમાંથી કરુણ, વીરમાંથી અદ્ભુત અને બીભત્સમાંથી ભયાનક ઉત્પન્ન થાય છે. એની સમજૂતી પછીના બે શ્લોકોમાં ભરતમુનિએ આ પ્રમાણે આપી છે. શૃંગારની અનુકૃતિ તે હાસ્ય, રૌદ્રનું જે કર્મ એટલે કે ફળ તે કરુણ. એજ રીતે વીરનું ફળ તે અદ્ભુત અને બીભત્સનું વિભાવાદિ રુપે દર્શન તે ભયાનક રસ (અધ્યાય ૬ શ્લોક ૩૯ થી ૪૧)

શૃંગારમાંથી હાસ્ય થાય છે - શૃંગારની અનુકૃતિ તે હાસ્ય એ સમજાવતાં અભિનવગુપ્ત કહે છે કે, '' હાસ્ય એ શૃંગારના આભાસરુપ, અનુકરણરુપ છે માટે અહીં શૃંગારને તેના હેતુ તરીકે ગણાવ્યો છે.'' - રાવણની સીતા પ્રત્યેની રતિનો દાખલો આપી અભિનવગુપ્ત કહે છે કે, '' સીતાને રાવણ પ્રત્યે પ્રેમ નથી એટલે એ રાવણની રતિનો વિભાવ થઇ શકે એમ નથી. તેમ છતાં એ વિભાવ છે એવો આભાસ થાય છે. આમ વિભાવાભાસમાંથીજ અનુભાવાભાસ અને વ્યભિચાર્યાભાસ પ્રગટે છે અને એ બધાના સંયોગથી જે રતિ ઉદ્બુધ્ધ થાય છે તે પણ રત્યાભાસ જ હોય છે... સીતાને વિભાવ માની ઉચ્ચારાયેલા રાવણના વચનમાં ચિંતા, દૈન્ય, મોહ વિગેરે વ્યભિચારી ભાવો પ્રકૃતિ વિરુધ્ધ છે તેમજ અશ્રુપાત, રુદન વિગેરે અનુભાવો પણ અનૌચિત્યને લીધે આભાસરુપ હોઇ હાસ્યના વિભાવ બને છે.'' એક રસના ફળરુપે બીજો રસ અવશ્ય પ્રગટતો હોય એવા દૃષ્ટાંત તરીકે અભિનવગુપ્તે રૌદ્રનું ફળ બંધ, વધ વિગેરેમાં આવે છે અને તે કરુણના વિભાવ બને છે એ ગણાવ્યું છે. વળી એજ રીતે રૌદ્રમાંથી ભયાનક પ્રગટે છે, તેમજ શૃંગારમાંથી કરુણ અને વીરમાંથી ભયાનક પ્રગટે છે. યુધ્ધવીરમાં પરપરાજયમાંથી જન્મેલો પ્રતાપજ શત્રુહૃદયને

બાળનાર અને તેની સ્ત્રીઓને ભયાનક થઇ પડે છે. આખી ચર્ચાનો ઉપસંહાર કરતાં અભિનવગુપ્તે કહ્યું છે કે, '' અહીં જે ચાર રસોને બીજા રસોની ઉત્પત્તીનાં કારણ બનાવ્યા છે તે યથાયોગ્ય ચાર પુરુષાર્થો સાથે સંબંધ્ધ છે અને આ ચારજ સૌદર્યાતિશયને જન્માવનાર છે અને રસાભાસ વિગેરેના પણ આ ચારના અનુગામોરુપે રુપક વિગેરેમાં સ્થાન આપી શકાય છે. (અભિનવભારતી)

ભરતમુનિ કથિત રસોમાંથી રસોની ઉત્પત્તિના આધારે ડૉ.મનોહર કાલે એવું અનુમાન કરવા પ્રેરાય છે કે આરંભમાં રતિ, ઉત્સાહ, ક્રોધ, અને જુગુપ્સા આ ચાર સ્થાયી ભાવોજ નાટ્યના ક્ષેત્રમાં પહેલા શોધાયા હતાં અને કાલાન્તરે અન્ય ચાર સ્થાયી ભાવો પણ શોધાયા અને રસની સંખ્યા વધીને આઠની થઇ. (ભારતીય નાટ્ય સૌંદર્ય પૃ.૬૫)

મરાઠીના પ્રસિધ્ધ આચાર્ય શ્રી દિ.કે.બેડેકરે, નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં આવતી 'દેવ-અસુર સંગ્રામ'ની કથાના આધારે રસોત્પત્તિના મુળમાં 'દેવાસુરદ્વન્દ્વ'ની કલ્પના કરી છે. તેમની માન્યતા પ્રમાણે શૃંગાર, વીર, હાસ્ય અને અદ્ભૂતનો દેવો સાથે તથા બીભત્સ, રૌદ્ર, ભયાનક અને કરુણનો દાનવો સાથે સંબંધ છે. ઉદાહરણાર્થ, રંગમંચ ઉપર ઉપસ્થિત દેવતાતુલ્ય રામ છે - શૃંગાર, તેમની કૃતિ થશે - વીર અને રામને જોઇ અન્ય દેવતાસમુહ રુપ પાત્રોને જે આનંદ થશે તે હાસ્ય કહેવાશે. રામના શૌર્યને જોવાથી ઉત્પન્ન વિસ્મય અદ્ભુત રસ કહેવાશે. આ પ્રમાણે બીજી બાજુ રંગમંચ ઉપર દાનવતુલ્ય છે રાવણ જે સ્વયં બીભત્સરુપ છે, તેમનુ દર્શન હશે ભયાનક, તેમની કૃતિ કહેવાશે રૌદ્ર અને તેનું પરિણામ આવશે કરુણ. (સાહિત્યવિચાર પૃ.૪૦-૪૨)

ભરતમુનિએ ચાર રસો-શૃંગાર, વીર, રૌદ્ર તથા બીભત્સને હેતુરુપ માન્યા છે એના પરથી એમ કહી શકાય કે નાટ્યનો આર્વિભાવ ભરતમુનિ પહેલાં ઘણાં સમય પૂર્વે થઇ ચુકયો હતો અને તેના આરંભિક યુગમાં કેવળ ચાર રસજ અંતર્ગત પ્રતિષ્ઠા પામ્યા હતાં. એનો અર્થ એ કે નાટ્ય કળાના વિકાસના પ્રાથમિક તબક્કામાં રતિ ઉત્સાહ, ક્રોધ અને જુગુપ્સા આ ચાર સ્થાયી ભાવોનો પ્રયોગ મુખ્યત્વે થતો હતો. પ્રારંભ કાળમાં આ ચારમાંથી

પહેલાં બે સ્થાયી ભાવો રતિ તથા ઉત્સાહનો સંબંધ દેવોના આચારણ સાથે અને બાકીના બે સ્થાયી ભાવોનો સંબંધ દાનવોના આચારણ સાથે રહયો. પર્યાપ્ત સમય સુધી દેવોના રતિ-ઉત્સાહ અને દાનવોના ક્રોધ-જાગુપ્સા અભિનીત થતાં રહયા. સમય જતાં દેવ-દાનવોની વિશિષ્ટ જાતિગત આચાર પધ્ધતિઓ પોત પોતાની સીમાઓ અતિક્રમી જવા લાગી અને તેથી નાટ્યાચાર્યોએ કેવળ વિશિષ્ટ દેવ દાનવ જાતીમૂલક વર્ગીકરણ યોગ્ય ન જણાતાં અને પૂર્વોકત ચાર પ્રકારના સ્થાયી ભાવો સાથે સર્વ સામાન્ય સમાજની અન્ય અનેક માનવીય સ્વભાવ ચેષ્ટાઓ અને તેમના આચારણ પણ મંચ ઉપર અનુકૃકરણીય જણાતાં ભાવોની સંખ્યા વધારી અને તેથી ભરતમુનિ સુધી આવતા આવતા, નાટ્યકળામાં ચારથી વધીને આઠ સ્થાયી ભાવો રંગમંચ ઉપર રજૂ કરવાની પ્રક્રિયા સ્થિર થવા લાગી. એટલે હવે દેવોના શૃંગાર-વીર તથા દાનવોના બીભત્સ-રૌદ્ર રસો સુધીજ નાટ્યકળા અને રંગમંચ મર્યાદિત ન રહયાં. પણ આઠ સ્થાયી ભાવોને અભિનયાત્મક મૂર્તતા પ્રદાન કરતાં આઠ રસોની નિષ્પત્તિ સુધી નાટ્યપ્રયોગનો વિકાસ થયો. રસોમાંથી રસોની ઉત્પત્તિની ઘટનાનું આવું અર્થઘટન તારવી શકાય.

## રસોના વર્ણ

રસોમાં રસોની ઉત્પત્તિ સમજાવ્યા પછી ભરતમુનિ રસોના વર્ણ બતાવે છે જેમ કે શૃંગારનો શ્યામ, હાસ્યનો સફેદ, કરુણનો રાખોડી, રૌદ્રનો લાલ, વીરનો ગોરો, ભયાનકનો કાળો, બીભત્સનો નીલ તથા અદ્ભુતનો પીળો. (અધ્યાય ૬ શ્લોક ૪૨-૪૩) જેઓ નવરસમાં માને છે તેમના મતે શાંતનો સ્વચ્છ.

અભિનવગુપ્ત જણાવે છે તેમ વર્ણનું કથન પૂજા વિગેરેમાં તથા ધ્યાનમાં ઉપયોગી છે અને મુખરાગમાં પણ. મુખરાગ એટલે મુખ રંગવું તે. અર્થાત જે તે રસના અભિનય વખતે વ્યકિતના મુખને જે તે રંગ લગાડી શકાય તે માટે તેનો ઉપયોગ છે. આમ રસોના વર્ણનું કથન આહાર્ય અભિનયમાં વિશેષ ઉપયોગી બને છે. પાત્રની રંગભૂષા તથા વેશભુષાના રંગ રસોના નિયત વર્ણ અનુસાર રાખવાનો સંકેત ભરતમુનિએ કર્યો છે જે અંગેની ચર્ચા અગાઉ આહાર્ય અભિનય સંબંધી અધ્યાયમાં કરવામાં આવી છે.

## રસોના દેવતા

ત્યારબાદ ભરતમુનિએ બધા રસોના દેવતા ગણાવ્યા છે : શૃંગારના વિષ્ણુ એટલે કામદેવ, હાસ્યના પ્રમથ એટલે શંકરના ગણો, રૌદ્રના રુદ્ર એટલે ત્રણે લોકના સંહાર કરનારા, કરુણના યમ, બીભત્સના મહાકાળ, વીરના મહેન્દ્ર (ત્રણે લોકના રાજા) અને અદ્ભુતના બ્રહ્મા (અ. ૬/શ્લોક ૪૪-૪૫) જેઓ શાંતરસને સ્વીકારે છે તેમના મતે શાંતના બુધ્ધ.

રસોના વર્ણ તથા દેવતાનો પરિચય આપ્યા પછી ભરતમુનિ દરેક રસનો વિશેષ પરિચય આપે છે. તેમાં દરેકના સ્થાયી ભાવ, વિભાવ, અનુભાવ તથા વ્યભિચારી ભાવો તથા તેનો અભિનય કેવી રીતે કરવો તે ભરતમુનિએ બતાવેલું છે. દરેક રસના વિશેષ લક્ષણ તથા ઉપભેદો પણ તેમણે નિરુપ્યા છે. આ બધી સામગ્રીને આ પ્રમાણે વર્ણવી શકાય.

(૧) રસનું નામ
(૨) રસનો વર્ણ
(૩) રસનો દેવતા
(૪) રસનો સ્થાયી ભાવ
(૫) રસનું વ્યાવર્તિત લક્ષણ
(૬) રસના ઉપભેદો
(૭) રસના વિભાગ
(૮) રસના અનુભાવ
(૯) રસના વ્યભિચારી ભાવ
(૧૦) રસના સાત્વિક ભાવ.

ભરતમુનિ નિરુપિત આઠ રસોને ઉપરોક્ત દસ વિભાગોમાં વહેંચી આ રીતે તપાસી શકાય.

## (૧) શૃંગાર રસ

**વર્ણ** — શ્યામ

**દેવતા** — વિષ્ણુ એટલે કે કામદેવ

**સ્થાયી ભાવ** — રતિ (રતિસ્થાયિપ્રભવ:)

**લક્ષણ** — ભરતમુનિના કથન અનુસાર શૃંગારરસ ઉજ્જવલ વેષવાળો હોય છે. જગતમાં જે પવિત્ર શુધ્ધ અને ઉજ્જ્વળ તથા દર્શનીય છે તેને શૃંગાર સાથે સરખાવાય છે. જે ઉજ્જવલ વેષવાળો હોય છે તે શૃંગારવાન એમ કહેવાય છે તે આચારસિધ્ધ તથા હૃદ્ય અને ઉજ્જ્વળ વેષવાળો હોવાથી શૃંગારરસ કહેવાય છે. તે સ્ત્રીપુરુષરુપી જેનાં હેતું છે તેવો અને ઉત્તમ યુવકો અને યુવતીઓ રુપી પ્રકૃતિવાળો હોય છે. '(સ્ત્રીપુરુષહેતુક, ઉત્તમયુવપ્રકૃતિ:) અભિનવગુપ્ત ઉત્તજ્વલવેષત્મક' નો અર્થ સમજાવતાં કહે છે કે અહીં વેશ એટલે પહેરવેશ નહિ પણ વેશ એટલે વિભાવાનુંભાવ અને વ્યભિચારી ભાવ. રતિ એટલે ક્રીડા જે પરસ્પરનુંરકત કામીઓમાંજ સંભવે, પણ ભાવક તેને કલ્પનાથી આસ્વાદે છે એવું અભિનવગુપ્ત કહે છે. ઉત્તમ યુવ પ્રકૃતિનો અર્થ સમજાવતાં અભિનવ ગુપ્ત કહે છે.કે, નાયક નાયિકા બંને ઉત્તમ પ્રકૃતિના હોવાં જોઇએ અને યુવાન પણ યુવાન પણ હોવાં જોઇએ. નાયક નાયિકા મનથી-આત્માથી ઉત્તમ પ્રકૃતિનાં અને યુવાન હોવા જોઇએ માત્ર દેહથી નહિ એવું અભિનવગુપ્ત જણાવે છે. પરંપરાએ આર્યામાં ઇષ્ટસામગ્રીથી સંપન્ન ઋતુ, માલ્યાદિનું સેવન કરનાર, પ્રમદાથી યુકત પુરુષને શૃંગાર કહયો છે.

(અધ્યાય ૬ શ્લોક ૪૭)

**ઉપભેદો** ભરતમુનિએ પરિસ્થિતિ અનુસાર શૃંગારરસના બે ભેદ કર્યા છે. (૧) સંભોગ અને (૨) વિપ્રલમ્ભ. જો કે ભરતમુનિએ આને ભેદ નહિ માનતાં 'અધિષ્ઠાન' કહ્યાં છે. અભિનવગુપ્તે તેનું સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું છે કે અહીં શૃંગાર રુપથી અધિષ્ઠિત છે માટે એ અવસ્થા (અધિષ્ઠાન) કહેવાય છે. જેમ ગાયના બે રંગવાળો અને બહું રંગવાળો એમ ભેદ હોય છે એવા આ ભેદ નથી. પરંતું એ બંને દશાઓમાં સમાનરુપે વિદ્યમાન જે આસ્વાદાત્મક રતિ છે એનું આસ્વાદ્યમાન રુપ શૃંગારરસ છે. આગળ ચાલતાં ભરતમુનિએ બે વિભિન્ન દૃષ્ટિઓથી શૃંગારરસના ત્રણ ભેદ કર્યા છે. અભિનયની દૃષ્ટિથી વચનાત્મક વેષાત્મક અને ક્રિયાત્મક અને પુરુષાર્થની દૃષ્ટિથી ધર્મશૃંગાર, અર્થ શૃંગાર અને કામશૃંગાર (અધ્યાય ૬ શ્લોક ૭૮) અભિનયની દૃષ્ટિથી કરવામાં આવેલ ભેદોનો કાવ્યની મૂળ ચેતના અથવા શૃંગારનો મનોવિજ્ઞાન સાથે સંબંધ નથી એટલે સ્વાભાવિકપણે એ ત્રણેય ભેદો આગળ જતાં લુપ્તજ થઇ ગયા એમ ડો. નગેન્દ્ર જણાવે છે. કેવળ નાટ્યદર્પણમાં અને ભોજના શૃંગાર પ્રકાશમાં એમનો ઉલ્લેખ થયો છે. ભરતમુનિએ, વૈશિક શાસ્ત્ર અનુસાર શૃંગાર દશઅવસ્થાવાળો હોવાનું જણાવી તે દશાઓ 'સામાન્ય અભિનય' અંતર્ગત નિરુપી છે જે પ્રસ્તુત શોધ પ્રબન્ધમાં નાયક-નાયિકા ભેદ અંતર્ગત વર્ણવવામાં આવી છે.

**વિભાવો** (અ) સંભોગ શૃંગાર :

ઋતુ, માળા, અનુલેપન, અલંકાર, ઇષ્ટજન, (ગીતાદિ રુપ) વિષય, સુંદર ભવન વિગેરેનો ઉપભોગ, ઉપવનમાં જવાનો અનુભવ (અથવા) શ્રવણ દર્શન, (જલ) ક્રીડા, (હાવભાવ રુપ) લીલા વિગેરે. પરંપરિત આર્યા અનુસાર ઋતુ, માલ્ય, અલંકાર, પ્રિયજન, ગાંધર્વ (સંગીત) કાવ્ય વિગેરેનું સેવન, ઉપવનગમન, વિહાર (શ્લોક ૪૮)

(બ) વિપ્રલંભ શૃંગાર : ઉપર પ્રમાણે.

અનુભાવો (અ) સંભોગ શૃંગાર :

નયનચાતુર્ય (અર્થાત કાન્તાદૃષ્ટિ) ભ્રક્ષેપ, કટાક્ષનો સંચાર, લલિત મધુર અંગહાર તથા તેવો વાણી. નયનવદનપ્રસાદ સ્મિતમધુરવચન, ધૃતિ, પ્રમોદ, મધુર, અંગ સંચાલન (પરંપરિત આર્યા) (શ્લોક ૪૯)

(બ) વિપ્રલંભ શૃંગાર :

નિ:શ્વાસ, અશ્રુપાત, ગાત્રશિથિલતા, નેત્ર સંકોચ.

વ્યભિચારી ભાવો (અ) સંભોગ શૃંગાર : આલસ્ય, ઉગ્રતા, જુગુપ્સા સિવાયના બધા.

(બ) વિપ્રલંભ શૃંગાર :

નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા, શ્રમ, ચિંતા, ઔત્સુક્ય, નિદ્રા, સ્વપ્ન, વિબોધ, વ્યાધિ, ઉન્માદ, અપસ્માર, જડતા, મરણ વિગેરે.

વિપ્રલંભ શૃંગારના વ્યભિચારી ભાવો નિરુપતી વેળા ભરતમુનિ, જો શૃંગારનું ઉત્પત્તિ સ્થાન રતિ હોય તો તેનામાં કરુણમાં રહેતા ભાવો કેવી રીતે થાય તેની સ્પષ્ટતા કરતાં જણાવે છે કે શાપરુપી કલેશમાં પડેલા ઇષ્ટજનના વૈભવનાશ, વધ, બંધ વિગેરેથી જન્મતો કરુણ નિરપેક્ષતાવાળો હોય છે અર્થાત પુન: મિલનની આશા વગરનો હોય છે જ્યારે ઔત્સુક્ય અને ચિંતામાંથી જન્મતો વિપ્રલંભ સાપેક્ષતાવાળો હોય છે. આમ કરુણ જુદો અને વિપ્રલંભ જુદો.

સાત્વિક ભાવો (અ) સંભોગ શૃંગાર : રોમાંચ, સ્વેદ, વેપથુ, સ્તંભ, સ્વરભેદ.

(બ) વિપ્રલંભ શૃંગાર : સ્તંભ, રોમાંચ, અશ્રુ, પ્રલય..

## (૨) હાસ્ય રસ

**વર્ણ** સફેદ (સિત)

**દેવતા** પ્રમથ એટલે કે શંકરના ગણો.

**ઉત્પત્તિ** શૃંગાર રસમાંથી શૃંગારની અનુકૃતિ તે હાસ્ય.

**સ્થાયી ભાવ** હાસ (હાસસ્થાયિભાવાત્મક)

**લક્ષણ** હાસ્યનું લક્ષણ આપતાં ભરતમુનિએ 'હાસ્ય હાસ્ સ્થાયિભાવાત્મક' કહયો છે. રસને સહૃદયનિષ્ઠ ચવર્ણાવ્યાપારરુપ અને આનંદમય અલૌકિક અનુભૂતિરુપ માનનાર અભિનવગુપ્ત આની સમજુતી આપતા કહે છે કે 'અહીં હાસ્યને હાસ સ્થાયિભાવાત્મક કહયો છે. જ્યારે શૃંગારને સ્થાયિ ભાવપ્રભવ કહયો છે. કારણ કે શૃંગારના વિભાવાદિ લોકોત્તર રોય છે. અર્થાત્ જો આપણે વ્યવહારમાં કોઇ યુગલને પ્રેમચેષ્ટા કરતું જોઇએ તો તેથી આપણા ચિત્તમાં સ્પૃહા, ઇર્ષ્યા, જુગુપ્સા વિગેરે ભાવો જાગે છે. પણ જ્યારે કાવ્યમાં કે નાટકમાં કોઇ પ્રેમી યુગલની પ્રેમચેષ્ટાનું નિરુપણ જોઇએ તો તેથી એવા ભાવો જાગતા નથી. કારણ નાટકમાંના વિભાવો એ વ્યવહાર જગતમાંના પાત્રો જેવા નથી, અલૌકિક છે. પણ હાસના આસ્વાદમાં જે વિભાવો છે જેમ કે વિકૃત વેશ વિગેરે તેજ લોક વ્યવહારમાં પણ હાસનો કારણ બને છે. કાવ્યમાં અને વ્યવહારમાં એ વિભાવો હાસ્યજ પેદા કરે છે. આમ એ વિભાવો સાધારણ છે. રતિ અને શોક એ બેજ સ્થાયી ભાવો એવા છે કે એનો આસ્વાદ થતો હોય ત્યારે ભાવક સજાતીય રતિ શોકનો અનુભવ કરતો નથી.'' શૃંગાર અને કરુણ વિજાતીય પ્રતીતિનું આસ્વાદન કરાવનારા તથા અલૌકિક વિભાવાદિવાળા હોવાથી ભરતમુનિએ શૃંગાર અને કરુણને' સ્થાયીભાવપ્રભવ'

તથા બીજા રસોને 'સ્થાયીભાવાત્મક' કહ્યા છે એવો અભિનવગુપ્તનો મત છે. પરંપરિત આર્યા અનુસાર હાસ્યરસ સ્ત્રીઓ તથા ઉત્તરતી (હલકી) પ્રકૃતિના લોકોમાં ખાસ જોવા મળતો. સ્વસમુત્થ અને પરસમુત્થ એમ બે પ્રકારના, ઉત્તમાદિ ત્રણ પ્રકૃતિવાળો તથા ત્રણ અવસ્થાવાળો છે. (અધ્યાય ૬ શ્લોક ૫૨, ૬૨)

ઉપભેદો ભરતમુનિએ હાસ્યના બે ઉપભેદો કર્યા છે. (૧) આત્મસ્થ: જેમાં વિદૂષક અથવા પાત્ર પોતે હસતો હોય છે અને (૨) પરસ્થ જેમાં તે બીજાને હસાવતો હોય છે. આ સંદર્ભમાં ભરતમુનિ પરંપરાથી પ્રાપ્ત બે આર્યાઓ ટાંકે છે. (૧) વિપરીત અલંકારોથી, વિકૃત આચાર, કથન અને વેષથી, વિકૃત અર્થવિશેષોથી સામાજિક હસે તે રસ હાસ્યરસ કહેવાયો છે. (૨) વિકૃત આચારોથી, વાક્યોથી, અંગવિકારોથી અને વિકૃત વેષથી લોકોને હસાવે છે તેથી હાસ્યરસ જાણવો. અભિનવગુપ્તના મંતવ્ય અનુસાર આત્મસ્થનો અર્થ એવું હાસ્ય છે જે સ્વયં પ્રમાતાના ચિત્તમાં ઉદ્ભૂત થાય છે - અર્થાત સ્વગત હાસ્ય. પરસ્થનો અર્થ એવું હાસ્ય જે બીજાને હસતા જોઇને આપણને આવે છે અર્થાત્ અન્ય સંક્રાન્ત હાસ્ય. ડો. રાઘવને 'સ્વયંહસતિ' અને 'પરંહાસયતિ'નો અર્થ અનુક્રમે બીજાની સાથે હસે છે અને બીજા પર હસે છે એવો કર્યો છે. શ્રી રામપ્રસાદ બક્ષીના મત પ્રમાણે આત્મસ્થ એટલે પાત્રગતવિકૃતિ કે પરિસ્થિતિની વિચિત્રતા જોઇને જોનારને પોતાને હસવું આવે તે હાસ્યરસ અને પરસ્થ એટલે બીજાને હસતો જોઇને હસવું આવે એ હાસ્યરસ. (વાઙ્મય વિમર્શ)

ભરતમુનિએ આશ્રયના પ્રકૃતિભેદના કારણે વળી છ ભેદ કર્યા છે. ઉત્તમ પ્રકૃતિમાં (૧) સ્મિત અને (૨) હસિત, મધ્યમ પ્રકૃતિમાં (૩) વિહસિત અને (૪) ઉપહસિત અધમ પ્રકૃતિમાં (૫) અપહસિત અને (૬) અતિહસિત (શ્લોક ૫૩-૫૪) શ્રી રામપ્રસાદ બક્ષી જણાવે છે તેમ સ્મિતથી અતિહસિત પર્યન્તના ૬ ભેદ હાસનામક સ્થાયી ભાવના નથી પણ એના અનુભાવના છે. તેથી તેના લક્ષણો 'અનુભાવ'માં નિરુપવામાં આવ્યા છે.

શૃંગારની જેમ હાસ્યના પણ અભિનયની દૃષ્ટિએ ત્રણ ભેદ છે. (१) વચનાત્મક (२) વેષાત્મક તથા (૩) ક્રિયાત્મક. (અધ્યાય ૬ શ્લોક ७૮)

વિભાવો — વિકૃત વેશ અને અલંકાર, ધૃષ્ટતા, લોલુપતા, કુહક (કક્ષ અને ગ્રીવા વિગેરેને સ્પર્શવું, ગલી કરવી) ગમે તેમ બોલવું, ખોડવાળા અંગનું દર્શન, દોષોનું કથન. પરંપરિત આર્યા અનુસાર વિપરીત અલંકાર, વિકૃત આચાર, કથન અને વેષ, વિકૃત અર્થવિશેષ, વિકૃત અંગવિકાર (શ્લોક ૫૦-૫૧) શ્રી રામપ્રસાદ બક્ષી જણાવે છે તેમ હાસ્યરસનું આલંબન છે વિકૃત વ્યવહાર કરનારું પાત્ર. આકાર વિકૃતિ, વાણી-વિકૃતિ, વેષવિકૃતિ, ચેષ્ટાવિકૃતિ, તેના હાસ્યજનક વ્યવહારના પ્રકારો છે. (વાઙ્.મય વિમર્શ)

અનુભાવો — ઓષ્ઠ, નાક, ગાલ, વિગેરેનું હાલવું, આંખો પહોળી કરવી, અથવા સંકોચવી સ્વેદ, મુખરાગ, પડખાં દબાવવા, સ્મિતથી અતિહસિત પર્યંતના અનુભાવો વિવિધ પ્રકૃતિના પાત્રોમાં જોવા મળે છે. તેના લક્ષણો આ પ્રમાણે છે.

સ્મિત: — સ્હેજ ફુલાતા ગાલ તથા સુંદર કટાક્ષોથી યુક્ત, દાંત ન દેખાય તેવું ઉત્તમોનું ધીર સ્મિત હોય. (શ્લોક ૫૫)

હસિત: — પ્રસન્ન મુખ તથા નેત્રોવાળું વિકસિત ગાલ સાથેનું સ્હેજ દાંત જેમાં દેખાય તે રીતે હસવું તે હસિત કહેવાયું છે. (શ્લોક ૫૬)

વિહસિત — જેમાં ગાલ તથા આંખો સંકોચાઇ જાય, જે અવાજવાળું અને મધુર હોય, યોગ્ય સમય ઉપર થનારું, જેમાં મુખનો રંગ લાલ જણાય છે તે વિહસિત છે. (શ્લોક ૫૭)

ઉપહસિત — જેમાં નાક ફુલી જાય, જેમાં વક્ર દૃષ્ટિથી જોવામાં આવે, જેમાં અંગ તથા માથું વાળી દેવામાં આવે તે ઉપહસિત છે.(શ્લોક-૫૮)

અપહસિત — કસમયનું હસવું તથા જેમાં નેત્રોમાંથી પાણી આવી જાય, જેમાં ખભા અને માથું ખુબ હાલે તે અપહસિત થાય. (શ્લોક ૫૯)

અતિહસિત — સતત (ચાલતું) આંખોમાં પાણી સાથેનું, કઠોર, અવાજવાળું, હાથથી પડખાં દબાવીને કરાય તે અતિહસિત છે. (શ્લોક ૬૦)

ભરતમુનિ જણાવે છે તેમ નાટકમાં કાર્યવશ જે હાસ્યના અવસર પ્રાપ્ત થ.. તેમાં ઉત્તમ, મધ્યમ અને અધમ પાત્ર પ્રમાણે સ્મિતથી અતિહસિત પર્યંતના હાસ્ય પ્રયોજવા જોઇએ. (શ્લોક ૬૧)

વ્યભિચારી ભાવ અવહિત્થા, આલસ્ય, તંદ્રા, નિદ્રા, સ્વપ્ન, પ્રબોધ, અસૂયા, ગ્લાનિ, શંકા, શ્રમ, ચપલતા, સુપ્ત.

સાત્વિકભાવ રોમાંચ, અશ્રુ, સ્તંભ, વેપથુ, સ્વરભેદ.

## (૩) કરુણ રસ

વર્ણ કપોતના વર્ણનો અર્થાત્ કબુતરના રંગનો એટલે કે રાખોડી.

દેવતા યમ (યમ વડે વધ વગેરે સંપાદિત થાય છે માટે -અભિનવગુપ્ત)

ઉત્પત્તિ રૌદ્ર રસમાંથી, રૌદ્ર રસનું કર્મ (પરિણામ) તે કરુણ રસ.

સ્થાયી ભાવ શોક

લક્ષણ શોક સ્થાયિભાવપ્રભવ: । શોકરુપી સ્થાયિભાવ તેનું પ્રભવસ્થાન છે. 'પ્રભવ' પદ અને 'તદાત્મક' પદ સંબંધી ચર્ચા આ અગાઉ હાસ્યરસમાં કરવામાં આવી છે.

ઉપભેદો ભરતમુનિએ કરુણના ત્રણ ભેદોનો ઉલ્લેખ કર્યો છે. (૧) ધર્માપઘાતજ ધર્મહાનિ દ્વારા ઉત્પન્ન (૨) અર્થાપચયોદ્ભવ અર્થહાનિ દ્વારા ઉત્પન્ન (૩) શોકકૃત સ્વજનોના મૃત્યુના શોકથી ઉત્પન્ન. (શ્લોક ૭૯)

વિભાવો શાપ અને કલેશમાં પડેલા પ્રિયજનનો વિયોગ, વૈભવનો નાશ, વધ, બન્ધન, વિદ્રવ (દેશવટો), ઉપઘાત (અગ્નિ વિગેરે દ્વારા મરણ) વ્યસન સંયોગ અર્થાત મૃગયા અથવા દ્યુત વિગેરે અનર્થકારક વિગત સાથે સંબંધ થવો. ઇષ્ટજનના વધને જોવાથી કે અપ્રિયવચન સાંભળવાથી. (શ્લોક ૬૩ - પરંપરિત આર્યા)

| | |
|---|---|
| અનુભાવો | પરિદેવન, અર્થાત પોતાની જાતને, દૈવને કે બીજાને ઠપકો આપવો. મોં સુકાવું, ફીકાશ, ગાત્રો ઢીલાં થવાં, નિસાસા, સ્મૃતિ લોપ. અવાજ સાથેનું રુદન, મૂર્છિત થવું, કલ્પાંત અને વિલાપ કરવો, દેહને કષ્ટ આપે તેવા ઘા કરવા (છાતી કૂટવી વિગેરે.) શ્લોક ૬૪ પરંપરિત આર્યા) |
| વ્યભિચારી ભાવો | નિર્વેદ, ગ્લાનિ, ચિન્તા, ઔત્સુક્ય, આવેગ, ભ્રમ, મોહ, શ્રમ, ભય, વિષાદ, દૈન્ય, વ્યાધિ, જડતા, ઉન્માદ, અપસ્માર, ત્રાસ, આલસ્ય, મરણ. |
| સાત્વિક ભાવો | સ્તંભ, વેપથુ, વૈવર્ણ્ય, અશ્રુ, સ્વરભેદ, પ્રલય. |

## (૪) રૌદ્રરસ

| | |
|---|---|
| વર્ણ | રક્ત અર્થાત લાલ. |
| દેવતા | રુદ્ર (ત્રણે લોકના સંહાર કરનારા -અભિનવગુપ્ત) |
| સ્થાયીભાવ | ક્રોધ (ક્રોધ સ્થાયિભાવાત્મક) |
| લક્ષણ | ક્રોધ સ્થાયિભાવાત્મક રૌદ્ર રસ રાક્ષસ, દાનવ અને ઉદ્ધત પ્રકૃતિવાળા મનુષ્યમાં થાય છે તે સંગ્રામરુપી હેતુવાળો છે. રૌદ્ર રસ રાક્ષસ, દાનવ વિગેરેમાં હોય છે તો શું બીજાને વિષે નથી તેવા પ્રશ્નના જવાબમાં ભરતમુનિ જણાવે છે કે બીજાઓને વિષે પણ રૌદ્રરસ હોય છે. પણ અહીં ખાસ કરીને રાક્ષસ વિગેરેનો 'અધિકાર' સ્વીકારાય છે. તેઓ સ્વભાવેજ રૌદ્ર છે. કેમ? (જવાબ) (કારણ તેઓ) બહું બાહુઓવાળા, બહું મુખોવાળા, હાલના વિખરાયેલા પીળા વાળવાળા, લાલ ચઢેલી આંખોવાળા, ભીષણ અને કાળા રુપવાળા હોય છે. અને જે કાંઇ તેઓ સ્વભાવતઃ વાચિક કે આંગિક કાર્ય આરંભે છે તે બધું તેમનું રૌદ્ર રુપજ હોય છે. શૃંગારનું પણ જોરથી (જંગલી રીતે) સેવન કરે છે. |

તેમને જે અનુસરે છે તેમનામાં પણ સંગ્રામ અથવા સંપ્રહાર વિગેરેને લીધે રૌદ્રરસ માનવો જોઇએ. ડૉ.મનોહર કાલે જણાવે છે તેમ રૌદ્રની રજુઆત રાક્ષસદાનવોની સહાયતાથી વધારે યથાર્થ રીતે થઇ શકે છે કારણ કે તેમનું એવું આચરણ તેમના સ્વભાવનુંજ સહજ અંગ હોય છે. 'અધિકાર' શબ્દનો અર્થ છે રૌદ્રની રજુઆત કરવામાં નિહિત તેમની આચરણગત પાત્રતા. જો કોઇ ઉધ્ધત સ્વભાવનો માણસ રાક્ષસ-દાનવો જેવા આચરણની પાત્રતા દર્શાવે તો તેના ધ્વારા પણ રૌદ્ર રસ રજુ કરી શકાય છે. રૌદ્રનો સંબંધ ભરતમુનિ સુધી આવતાં આવતાં રાક્ષસ-દાનવોની જાતિ માત્રથી ન રહેતાં સામાન્યત: ઉધ્ધત મનુષ્યોના આચરણ વ્યવહાર સુધી વ્યાપ્ત થઇ ગયો તેનું આ પ્રમાણ છે. પરંપરિત આર્યા અનુસાર રૌદ્ર રસ ઉગ્રવાણી, અંગની ચેષ્ટા યુક્ત, જેમાં શસ્ત્ર પ્રહાર ઘણાં થાય છે તેવો ભયાનક કર્મોના અનુષ્ઠાનવાળો છે. (શ્લોક ૬૫)

**ઉપભેદો** રૌદ્ર રસના ત્રણ ઉપભેદોનો સંકેત ભરતમુનિએ શૃંગારની સાથે સાથે કર્યો છે. અંગનેપથ્યવાક્યૈશ્ચ હાસ્યરૌદ્રૌ ત્રિધા સ્મૃતૌ । (૬.૭૮) શૃંગાર રસની જેમ હાસ્ય અને રૌદ્રના પણ ત્રણ ઉપભેદો છે. (૧) આંગિક અથવા ક્રિયાત્મક (૨) વેષાત્મક અને (૩) વચનાત્મક. આ ઉપભેદો અભિનયની દૃષ્ટિએ પાડવામાં આવ્યા છે એમ કહી શકાય.

**વિભાવો** ક્રોધ, આધર્ષણ, આધક્ષેપ, અનૃતભાષણ, ઉપઘાત, વાક્પારુષ્ય, અભિદ્રોહ, માત્સર્ય, પરંપરિત આર્યા અનુસાર યુધ્ધ, પ્રહાર, મારવું, ખરાબ રીતે કાપી નાંખવું, ચીરવું, સંગ્રામ અંગેની ત્વરા વિગેરે. (શ્લોક ૬૬)

**અનુભાવો** તાડન, ચીરવું, પીડવું, કાપવું, ભેદવું, પ્રહાર કરવો, હરણ કરવું, શસ્ત્ર ખખડાવવાં, શસ્ત્રપ્રહાર, લોહી કાઢવું વિગેરે તેના કર્મો (અનુભાવો) છે. તેનો અભિનય રાતી આંખો સાથે ભવાં ચડાવવાં, દાંત કચકચાવવા અને ઓઠ કરડવા અથવા દાંતથી ઓઠને પીસવા, ગાલ ફફડાવવા, હાથ મસળવા વિગેરે અનુભાવોથી પ્રયોજવો. પરંપરિત આર્યા અનુસાર અનેક પ્રકારના શસ્ત્રો છોડવાં, અને માથું, ધડ હાથ વિગેરે કાપવું, વિગેરે - આ પ્રકારના વિશેષ કાર્યોથી તેનો અભિનય પ્રયોજવો. (શ્લોક ૬૭)

**વ્યભિચારી ભાવો** અસમ્મોહ, ઉત્સાહ, આવેગ, અમર્ષ, ચપલતા, ઉગ્રતા, ગર્વ, અસુયા, મદ, હર્ષ.

**સાત્વિક ભાવો** સ્વેદ, વેપથુ, રોમાંચ, સ્વરભેદ, વૈવર્ણ્ય.

## (૫) વીર રસ

**વર્ણ** ગૌર વર્ણ

**દેવતા** મહેન્દ્ર દેવ.

**સ્થાયી ભાવ** ઉત્સાહ (ઉત્સાહત્મક)

**લક્ષણ** ઉત્તમ પ્રકૃતિ રુપ અર્થાત ઉત્તમોનો સ્વભાવ એવો વીર રસ છે. અભિનવગુપ્તના કથન અનુસાર ઉત્સાહ ઉત્તમોની પ્રકૃતિ અર્થાત સ્વભાવ છે. આથી વીર રસ પણ ઉત્તમ પ્રકૃતિ કહેવાયો છે. કાવ્યમાં કે નાટકમાં પ્રયુકત થયેલો ઉત્તમ પુરુષની પ્રકૃતિ જેનું કારણ છે તે ઉત્તમ પ્રકૃતિવાળો વીર રસ છે. ઉત્તમ વર્ણાવાળાનેજ બધી ઉત્સાહ આસ્વાદ્ય હોય છે. તેથી ચારે નાટકોમાં ધીરપણું અનુગત રુપે કહેવાશે જેમ કે ધીરોદાત્ત વિગેરે.

**ઉપભેદો :** ભરતમુનિએ વીર રસના માત્ર ત્રણ ઉપભેદોની ચર્ચા કરી છે. (૧) દાનવીર (૨) ધર્મવીર અને (૩) યુદ્ધવીર. (અધ્યાય ૬ શ્લોક ૮૦)

**વિભાવ** ભ્રમ વગરનો નિશ્ચય, નીતિ, ઇન્દ્રિયજય, સેના, પરાક્રમ, શકિત, પ્રતાપ, પ્રભાવ,. પરંપરિત આર્યા અનુસાર નિશ્ચય, અવિષાદ, અવિસ્મય, અમોહ, વિગેરે અર્થ વિશેષમાંથી થતો ઉત્સાહ. (શ્લોક ૬૮)

**અનુભાવ** તેનો અભિનય સ્થિરતા, ધૈર્ય, શૌર્ય, ત્યાગ, વિશારદપણું વિગેરે અનુભાવોથી કરવો જોઇએ. પરંપરિત આર્યા અનુસાર સ્થિરતા, ધૈર્ય, શૌર્ય, ગર્વ, ઉત્સાહ, પરાક્રમ, પ્રભાવ અને આક્ષેપાત્મક વાકયોથી (ટપાટપોથી)વીરરસનો બરાબર અભિનય કરવો જોઇએ. (શ્લોક ૬૯)

વ્યભિચારી ભાવો — ધૃતિ, મતિ, ગર્વ, આવેગ, ઉગ્રતા, અમર્ષ, સ્મૃતિ, અસંમોહ, ઉત્સાહ, હર્ષ, મદ, વિતર્ક.

સાત્વિક ભાવો — સ્વરભેદ, રોમાંચ, સ્તંભ, વેપથુ.

## (૬) ભયાનક રસ

વર્ણ — કૃષ્ણ વર્ણ

દેવતા — કાલદેવ

ઉત્પત્તિ — બીભત્સ રસમાંથી, બીભત્સમાંથી જે દર્શન તેને ભયાનક જાણવો.

સ્થાયીભાવ — ભય (ભયસ્થાયિભાવાત્મક)

લક્ષણ — સ્થાયિભાવાત્મક એ એકજ લક્ષણ ભરતમુનિએ આપ્યું છે.

ઉપભેદો — ભરતમુનિના મત પ્રમાણે ભયાનક રસના પણ ત્રણ ભેદ છે. (૧) વ્યાજ જન્ય અથવા કૃત્રિમ (૨) અપરાધજન્ય અને (૩) વિત્રાસિતક એટલે જોખમની શંકા આદિથી ઉત્પન્ન (શ્લોક ૮૧) આમાં કૃત્રિમનો અર્થ એ છે કે ઉત્તમ પ્રકૃતિની વ્યક્તિ ગુરુ આદિ પ્રત્યે અપરાધને કારણે જે ભય દર્શાવે છે તે વાસ્તવિક નથી હોતો, કૃતક જ હોય છે. અપરાધનો અર્થ અભિનવગુપ્તે 'અપરાધી-ચોર આદિ' કર્યો છે. પરંતુ ડો. નગેન્દ્ર જણાવે છે તેમ કદાચ ભરતમુનિએ આ અર્થ અભિપ્રેત નથી. ચોર આદિના ભય ભરતમુનિના ત્રીજા ભેદમાં આવે.

વિભાવ — વિકૃત અવાજ, ભુતપ્રેત, વિગેરેનું દર્શન, શિયાળ, ઘુવડ, વિગેરેથી થતાં ત્રાસ અને ઉદ્વેગ, સુનું ઘર, જંગલમાં જવું, સ્વજનનો વધ, બંધન, વિગેરે જોવું, સાંભળવું, કહેવું. પરંપરિત આર્યા અનુસાર વિકૃત અવાજ, પિશાચ દર્શન, સંગ્રામ, સુનું ઘર કે અરણ્યમાં જવું તે સામાન્ય ભયાનકના અને ગુરુ કે રાજાનો અપરાધ તે કૃતક ભયાનક રસના અનુભાવો છે. (શ્લોક ૭૦)

**અનુભાવ** — કાંપતા હાથપગ, નયનો, ચકળવકળ થવાં, વિગેરે પરંપરિત, આયાઓ અનુસાર અંગો, મુખ તથા દૃષ્ટિના પરિવર્તનથી, સાથળો સ્તંભિત થવો, અહીં તહીં જોવું ઉદ્વેગ, પડી ગયેલા મુખનું સુકાવું, છાતી ધડકવી, વિગેરે અનુભાવો ધ્વારા સ્વાભાવિક ભયનો અભિનય કરવો. એજ રીતે મનથી કલ્પીને ઉત્પન્ન થતાં ભયનો અભિનય કરવો. આજ અનુભાવો ધ્વારા બનાવટી ભય, મૃદુ ચેષ્ટાઓથી પ્રદર્શિત કરવો. હાથ, પગનું કાંપવું, સ્તંભિત થવું, ગાત્ર અને હૃદયનું ધ્રુજવું, ઓઠ, તાળવું, ગળું, વિગેરે સુકાવાં - વિગેરેથી ભયાનક રસનો નિત્ય અભિનય કરવો. (શ્લોક ૭૧-૭૩)

**વ્યાભિચારીભાવ** — શંકા, મોહ, દૈન્ય, આવેગ, ચંચળતા, જડતા, ત્રાસ, અપસ્માર, મરણ.

**સાત્વિકભાવો** — રોમાંચ, વૈવર્ણ્ય -મુખ વૈવર્ણ્ય, સ્વરભેદ, સ્વેદ, વેપથુ.

## (૭) બીભત્સ રસ

**વર્ણ** — નીલ વર્ણ.

**દેવતા** — મહાકાલ

**સ્થાયીભાવ** — જુગુપ્સા.

**લક્ષણ** — 'જુગુપ્સા સ્થાયીભાવાત્મક' આ એકજ લક્ષણ ભરતમુનિએ નિરુપ્યું છે.

**ઉપભેદો** — ભરતમુનિએ બીભત્સરસના મુખ્ય બે ભેદ માન્યા છે. રુધિર આદિથી ઉત્પન્ન થવાવાળા ક્ષુબ્ધ અથવા શોભન વિષ્ટા, કૃમિ, આદિથી ઉત્પન્ન થવાવાળા અશુધ્ધ અથવા ઉદ્વેગી (શ્લોક ૮૨) અભિનવગુપ્તે આ શ્લોકની ચર્ચા કરતાં લખ્યું છે કે ભટ્ટ તોતને મતે તો આ બન્ને અશુધ્ધ બીભત્સના ભેદ છે. શુધ્ધ બીભત્સ તો એજ છે જે સંસાર પ્રત્યે જુગુપ્સા ઉત્પન્ન કરવાને કારણે મોક્ષસાધક હોય. આથી ખરેખર તો બીભત્સના ત્રણ ભેદ છે.

- બીભત્સ
  - શુધ્ધ
  - અશુધ્ધ
    - ક્ષોભણ
    - ઉધ્વેગી

પરંતુ શુધ્ધ બીભત્સ અત્યન્ત દુર્લભ હોવાને કારણેકારિકામાં ફકત બેનોજ ઉલ્લેખ છે. એવું અભિનવગુપ્તનું મંતવ્ય છે. પણ ડો. નગેન્દ્ર જણાવે છે તેમ અન્ય ચર્ચાની જેમ અહીં પણ અભિનવગુપ્તે પોતાના આધ્યાત્મિક દૃષ્ટિકોણનું આરોપણ ભરતમુનિના મત પર કરી દીધું છે. ભરતમુનિની વ્યાવહારિક અભિનયલક્ષી દૃષ્ટિની સામે ખરેખર ક્ષોભણ અને ઉધ્વેગી બેજ ભેદ હતાં.

<u>વિભાવ</u> — અહૃધ, અપ્રિય, અપવિત્ર, અનિષ્ટ વસ્તુના શ્રવણ, દર્શન, કથન વિગેરે.
અભિમત ન હોય તેવી વસ્તુનું દર્શન, ગન્ધ, રસ, સ્પર્શ તથા શબ્દોના દોષ તથા અનેક ઉધ્વેગજનક કારણો (પરંપરિત આર્યા) (શ્લોક ૭૪)

<u>અનુભાવ</u> — બધાં અંગોને સંકોચવાં, મોં મરડવું, ઉલ્લેખન, થૂંકવું, કમકમાટ વિગેરે.
પરંપરિત આર્યા અનુસાર મોં, આંખ વિગેરે વાંકા કરવા, નાક દબાવવું, મુખ નીચું કરવું, સ્પષ્ટ રીતે નહિ તેમ પગ પડવા. (તેવી ચાલ) (શ્લોક-૭૫)

<u>વ્યભિચારીભાવ</u> — અપસ્માર, ઉધ્વેગ, આવેગ, મૂર્છા, વ્યાધિ મરણ.

<u>સાત્વિકભાવ</u> — રોમાંચ, વૈવર્ણ્ય, સ્વરભેદ, સ્તંભ.

## (૮) અદ્ભુત રસ

<u>વર્ણ</u> — પીત (પીળો)

<u>દેવતા</u> — બ્રહ્મદેવતા

<u>ઉત્પત્તિ</u> — વીર રસ, વીરનું ફળ તે અદ્ભુત.

<u>સ્થાયીભાવ</u> — વિસ્મય.

લક્ષણ 'વિસ્મયસ્થાયિભાવાત્મક' આ એકજ લક્ષણ ભરતમુનિએ નિરુપ્યું છે.

ઉપભેદો ભરતમુનિના મત પ્રમાણે અદ્ભૂત રસના બે પ્રકાર છે. (૧) દિવ્ય અર્થાત દૈવી ચમત્કારથી ઉત્પન્ન અને (૨) આનન્દજ અર્થાત્ મનોરથની સિદ્ધિ કરવાવાળી અપ્રત્યાશિત ઘટનાઓથી ઉત્પન્ન.

વિભાવ દિવ્ય પુરુષનાં દર્શન, વાંછિત મનોરથની પ્રાપ્તિ, ઉપવન, મંદિર વિગેરેમાં જવું, સભા, વિમાન, ઇન્દ્રજાળ વિગેરેની સંભાવના. પરંપરિત આર્યા પ્રમાણે ઉત્કર્ષથી યુકત વાકય, શિલ્પ, કાર્ય. (શ્લોક ૭૬)

અનુભાવ નયન વિસ્તારવાં, ટગર ટગર જોવું, ધન્યવાદ, દાનની ગોઠવણી, હાહાકાર કરીને હાથ, મુખ, વસ્ત્ર, આંગળી વિગેરેનું ભ્રમણ. પરંપરિત આર્યા અનુસાર સ્પર્શ ગ્રંહણ, ઉલ્લકસન (ગાત્રોને આનંદથી ઉંચાનીચાં હલાવવાં) વિગેરેથી કરાના હાહાકાર, ધન્યવાદ, ગદ્ગદ્યુકત વચન. (શ્લોક ૭૭)

વ્યભિચારીભાવ આવેગ, સંભ્રમ, પ્રહર્ષ, ચપળતા, ઉન્માદ, ધૃતિ, જડતા.

સાત્વિક ભાવ સ્તંભ, અશ્રુ, સ્વેદ, સ્વરભેદ, રોમાંચ, પ્રલય.

આમ ભરતમુનિએ આઠેય રસના વર્ણ, દેવતા, સ્થાયી ભાવ, વ્યભિચારી ભાવ, સાત્વિક ભાવ, વિભાવ, અનુભાવ વિગેરે નાટ્યભાવો, લક્ષણો તથા ઉપભેદોની ચર્ચા કરી છે. ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યરસ એ મંચગત આસ્વાદ્ય પદાર્થ છે અને તેથી તેનું સ્વરુપ વસ્તુનિષ્ઠ છે, અનુભુત્યાત્મક નહીં. નાટ્યરસ એ નટના ક્રિયાત્મક અભિનય વ્યાપાર દ્વારા મૂર્ત થતો પદાર્થ છે. પ્રત્યેક રસના વર્ણનું વિધાન આહાર્ય અભિનયમાં તથા પ્રત્યેક રસના નાટ્યભાવોનું વિધાન વાચિક, આંગિક તથા સાત્વિક અભિનયમાં નટને વિશેષરુપે ઉપયોગી નિવડે છે તેથી એક સ્વતંત્ર પ્રકરણ રુપે તેની છણાવટ અત્રે કરવામાં આવી.